ડુમસમાં શાંતિ શોધવા ગયેલા ધનકુબેરો આલિશાન બંગલામાં જ 'કેદ'!

વીક એન્ડમાં સુરતીઓ સી-ફેસ જાય, ડુમસના લોકો સુરત આવે

ડુમસ સી ફેસ બનતા જ સહેલાણીઓનો ભારે ઘસારો, વીક એન્ડમાં આડેધડ ટ્રાફિક જામ અને ગંદકીના લીધે સ્થાનિક રહીશો ત્રાહિમામ

સુવિધા વિનાનો વિકાસ: સી ફેસ પર પબ્લિક શૌચાલય ન હોવાથી ગમે ત્યાં લઘુશંકા અને ગંદકીનું સામ્રાજ્ય

વીક એન્ડના ત્રાસથી બચવા બિઝનેસમેને સુરતમાં ઓફિસમાં બેડરૂમ બનાવવો પડ્યો!

પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે, જે ઘોંઘાટથી બચવા રહીશો સુરત શહેર છોડીને અહીં આવ્યા હતા, હવે દર શનિ-રવિવારે એ જ ઘોંઘાટથી બચવા માટે તેમણે ડુમસ છોડીને સુરત તરફ ભાગવું પડે છે. પ્રખ્યાત જ્વેલર્સ તુષાર ચોક્સીના પત્નીએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું કે, 'અમે ત્રણ વર્ષ પહેલાં ઝીરો એરપોલ્યુશનના કારણે અહીં શિફ્ટ થયા હતા. પરંતુ હવે પરિસ્થિતિ એવી છે કે શનિ-રવિવારે અમે કોઈ મહેમાનને ઘરે બોલાવી શકતા નથી કે કોઈ પ્રસંગ યોજી શકતા નથી. તહેવારોમાં હાલત વધુ ખરાબ થાય છે. બીજી તરફ, સ્થાનિક રહીશ કમલ કુદનાવાલાના પુત્ર પ્રણય કુદનાવાલાએ તો વીકએન્ડના આ અસહ્ય ત્રાસથી બચવા માટે સુરતના ઘોડદોડ રોડ પર આવેલી પોતાની ઓફિસમાં જ સ્પેશિયલ બેડરૂમ બનાવી લીધો છે! તેઓ શનિ-રવિવાર પોતાની પત્ની સાથે સુરતમાં ગાળે છે જેથી માનસિક શાંતિ મળી શકે.

કરોડોના બંગલા, પણ ઘરનો ગેટ ખોલવાની આઝાદી નહીં: લોકો બંગલાની બહાર આડેધડ વાહનો પાર્ક કરીને ગાયબ

મુખ્ય સમસ્યા વીકએન્ડમાં ઉમટતી હજારો વાહનોની ભીડ છે. લંગરથી લઈને સી ફેસ સુધી પર્સનલ વાહનો, ઓટો રિક્ષા અને બસોના લીધે કલાકો સુધી ચક્કાજામ રહે છે. સહેલાણીઓ સ્થાનિક લોકોના બંગલાના ગેટની બહાર જ આડેધડ વાહનો પાર્ક કરીને ચાલ્યા જાય છે, જેના કારણે રહીશો પોતાના વાહનો પણ બહાર કાઢી શકતા નથી. આ ઉપરાંત, વિસ્તારમાં પબ્લિક યુરિનલની પૂરતી વ્યવસ્થા ન હોવાથી લોકો ગમે ત્યાં લઘુશંકા કરે છે અને કચરો ફેંકે છે. સહેલાણીઓની આ બેજવાબદારીના કારણે ડુમસની ગ્રીનરી અને સ્વચ્છતા ગંદકી તથા દુર્ગંધમાં ફેરવાઈ ગઈ છે. જો કોઈ મેડિકલ ઈમરજન્સી આવે, તો એમ્બ્યુલન્સ પણ આવી શકે તેમ નથી. જો તંત્ર સમયસર નહીં જાગે, તો વિકાસની ઘેલછામાં ડુમસની મૂળ શાંતિનો કાયમી વિનાશ થઈ જશે તે નક્કી છે.

આ ઘટનાનો વિડીયો જોવા QR કોડ સ્કેન કરો

સ્થાનિકોની તંત્ર પાસે માંગ

- લંગર પાસે જ સી ફેસ માટે 'એન્ટ્રી ફી' રાખવામાં આવે.
- પ્રવાસીઓની સંખ્યા મર્યાદિત કરી માત્ર પગપાળા પ્રવેશની મંજૂરી અપાય.
- વહીવટી તંત્ર તાત્કાલિક મોટા પાર્કિંગ પ્લોટ અને યુરિનલની સુવિધા ઊભી કરે.

ભૂતિયા ડિમોલિશનમાં બે દિવસમાં કાર્યવાહી નહીં થાય તો ધરણા કરાશે

કોંગ્રેસ આગેવાનો દ્વારા પો.કમિ. ને સીસીટીવી ફૂટેજ સાથે આવેદનપત્ર આપી ભૂખહડતાળ પર બેસવાની ચીમકી આપવામાં આવી

સુરતઃ વેડ રોડ પર આવેલી નાસિરનગર (ફુલવાડી) કોલોનીમાં ગત ૨૯ મેના રોજ થયેલા કથિત ગેરકાયદેસર અને બળજબરીપૂર્વકના ડિમોલિશન મામલે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ વિભાગના અધિકારીઓની સંડોવણી હોવાના ગંભીર આક્ષેપો સાથે શહેર કોંગ્રેસ સમિતિએ આજે પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતને જવાબદારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આવેદનપત્ર સુપરત કર્યું છે. પુરાવા રૂપે ઘટના સમયના સીસીટીવી ફૂટેજ પોલીસ કમિશનરને સોંપ્યા છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા, ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશી, મહામંત્રી જયેશભાઈ ભટ્ટ, કોર્પોરેટર અરશદ જરીવાલા અને પૂર્વ કોર્પોરેટર અસલમભાઈ સાયકલવાલાના જણાવ્યાનુસાર, વર્ષોથી રહેતા ગરીબ પરિવારોને કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વિના વિસ્થાપિત કરવા પાછળના માસ્ટરમાઈન્ડ, બુલડોઝર ઓપરેટરો અને સંડોવાયેલા તમામ કથિત ગુનેગારો સામે લેન્ડ ગ્રેબિંગ (જમીન પચાવી પાડવા) સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ત્વરિત ધરપકડ કરવાની માંગ કરવામાં આવી છે.

શહેર કોંગ્રેસના અગ્રણી નેતા હરીશ સૂર્યવંશીએ પત્રકારોને જણાવ્યું હતું કે, આ અત્યંત ગંભીર અને સંવેદનશીલ બાબતથી પ્રદેશ તેમજ રાષ્ટ્રીય કોંગ્રેસના નેતૃત્વને પણ વાકેફ કરી દેવામાં આવ્યું છે. જો આગામી બે દિવસમાં જવાબદાર સરકારી બાબુઓ અને સત્તાધીશો સામે એફ.આઈ.આર. નોંધી તેમને સસ્પેન્ડ કરવામાં નહીં આવે, તો કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો પોલીસ કમિશનર કચેરી તેમજ મ્યુનિસિપલ કમિશનર કચેરીની બહાર આમરણાંત ભૂખ હડતાળ પર બેસશે.

NATA
ENTRANCE EXAM PREPARATION 2025-26
10th To 12th & DIPLOMA
ARCHITECT
INTERIOR
JEE-2
NID
FINE ARTS
GAJENDRA MAJITHIA
New citylight
91-98251-47447

લોકોની બચત જ થતી નથી પછી ગલ્લા ક્યાંથી વેચાય?

■ એક જમાનો હતો જ્યારે દરેક ઘરમાં એક ગલ્લો જોવા મળતો હતો જેમાં બાળકો તેમની બચત માટેના સિક્કા જમા કરતાં હતાં. પરંતુ હાલમાં મોંઘવારી એટલી વધી ગઇ છે કે, બચત જ થતી નથી તો ગલ્લાં ક્યાંથી વેચાય? (તસવીર : હેમંત ડેરે)

શિક્ષણ સમિતિના શિક્ષક કલ્પેશ પટેલ ફરજમોકૂફ

લસકાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં 48 કલાકથી વધુ સમય જેલમાં હતા

સુરત: નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત કઠોદરા પ્રાથમિક શાળા નં.385ના ઉપશિક્ષક કલ્પેશભાઈ પટેલને ગુનામાં ધરપકડ બાદ ફરજમોકૂફ હેઠળ મૂકવામાં આવ્યા છે. લસકાણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હાજરી કૌભાંડના ગુનાના અનુસંધાને તેમની અટકાયત કરવામાં આવ્યા બાદ કોર્ટ દ્વારા જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવતાં શિક્ષણ સમિતિએ નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ લસકાણા પોલીસ સ્ટેશન દ્વારા તા.30 મે, 2026ના રોજ કલ્પેશભાઈ પટેલની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ તેમને સુરતની પ્રથમ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

સરકારી કર્મચારી સામેની પ્રચલિત સેવા નિયમાવલિ મુજબ કોઈ કર્મચારી 48 કલાકથી વધુ સમય સુધી જેલ કસ્ટડીમાં રહે તો તેને ફરજમોકૂફ હેઠળ મૂકવામાં આવે છે. આ જોગવાઈને આધારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કલ્પેશભાઈ પટેલને ફરજમોકૂફ હેઠળ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. તેમના વિરુદ્ધ નોંધાયેલા ગુનાની કાનૂની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ ફરજ પર હાજર રહી શકશે નહીં.

ફોસ્ટાની ચૂંટણીમાં 41 બેઠક માટે 42 ઉમેદવાર

પ્લેટિનમની 21 અને ડાયમંડ કેટેગરીની 13 બેઠકના ઉમેદવારો બિનહરીફ થયા

ગોલ્ડ કેટેગરીની 7 બેઠકો સામે 8 ઉમેદવાર મેદાનમાં

સુરતઃ ટેક્સટાઇલ ઉદ્યોગની અગ્રણી સંસ્થા ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડ એસોસિયેશન (ફોસ્ટા)ની આગામી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી ટળી જવાના સ્પષ્ટ સંકેતો જોવા મળી રહ્યા છે. બોર્ડની કુલ 41 બેઠકો માટે માત્ર 42 ઉમેદવારીપત્રો જ નોંધાતા તમામ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ફોસ્ટાની ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત વિવિધ કેટેગરી માટે ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ બહાર આવેલા ચિત્ર મુજબ પ્લેટિનમ અને ડાયમંડ કેટેગરીમાં ચૂંટણીની જરૂરિયાત જ રહેતી નથી. હવે માત્ર ગોલ્ડ કેટેગરીમાં જ મતદાન થવાની શક્યતા છે.

મળતી માહિતી અનુસાર પ્લેટિનમ કેટેગરીની 21 બેઠકો સામે 21 ઉમેદવારો અને ડાયમંડ કેટેગરીની 13 બેઠકો સામે 13 ઉમેદવારો મેદાનમાં હોવાથી આ બંને કેટેગરીના તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થવાના છે. બીજી તરફ ગોલ્ડ કેટેગરીની 7 બેઠકો સામે 8 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હોવાથી માત્ર એક બેઠક માટે સ્પર્ધા સર્જાઈ છે.ફોસ્ટાની ચૂંટણીમાં ઉમેદવારીપત્રો પરત ખેંચવાની અંતિમ તારીખ 13 જૂન નક્કી કરવામાં આવી છે. જો આ તારીખ સુધીમાં ગોલ્ડ કેટેગરીના કોઈ એક ઉમેદવાર પોતાનું ઉમેદવારીપત્ર પરત ખેંચી લે તો તમામ 41 બેઠકો પર ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ જશે અને ચૂંટણી યોજવાની જરૂર રહેશે નહીં.

રૂંગટા ડેવલોપર્સ સાથે સસ્તી જમીનના સોદાના નામે રૂ. 1.26 કરોડની ઠગાઈ

ઇટાળવા ગામની સંયુક્ત માલિકીની જમીનના સોદા પેટે નાણાં ખંખેર્યા બાદ અન્યના નામે સાટાખત કરી દીધો

છેતરપિંડી આચરનાર દલાલને ઇકો સેલે દબોચ્યો, 15 જમીન માલિક વોન્ટેડ

આ આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો

(૧) મહમુદ ઇબ્રાહિમ પટેલ, (૨) યાહીયા મહમુદ પટેલ, (૩) ઉમર મહમુદ પટેલ, (૪) સુલેમાન ઇબ્રાહીમ પટેલ, (૫) ફરીદા પટેલ, (૬) નશીમા પટેલ, (૭) યાસ્મીન અબદુલ્હે પટેલ, (૮) મોહમ્મદ ઇકબાલ અબદુલ્હે પટેલ, (૯) રશીદા અબદુલ્હે પટેલ, (૧૦) ઝેબન ઇસ્માઇલ પટેલ, (૧૧) અહમદ ઇસ્માઇલ પટેલ, (૧૨) તાહેરાબીબી ઇસ્માઇલ પટેલ, (૧૩) યુસુફ ઇસ્માઇલ પટેલ, (૧૪) નફીસા ઇસ્માઇલ પટેલ, (૧૫) તુનુસ મહમુદ પટેલ (તમામ રહે., સામરોદ તથા ઇટાળવા, તા. પલસાણા) અને (૧૬) દલાલ ઇલ્યાસ અબ્દુલ કાકા

સુરતઃ સુરતના બિલ્ડર ગ્રુપ રૂંગટા ડેવલોપર્સ સાથે જમીનના સોદામાં રૂપિયા ૧.૨૬ કરોડથી વધુની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવાના ગુનામાં ઈકો સેલે દલાલને બાતમીના આધારે પકડી પાડી પાડ્યો છે. હાલ આ ગુનામાં ૧૫ જેટલા જમીન માલિક વોન્ટેડ છે.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ફરિયાદી અનિલભાઈ રૂંગટાની ઓફિસે આરોપી યાહયા મહમુદ પટેલ અને દલાલ ઈલ્યાસ અબ્દુલહૈ કાકા રૂબરૂ ગયા હતા. તેઓએ પલસાણા તાલુકાના મોજે ઈટાળવા ગામમાં આવેલી તેમની સંયુક્ત માલિકીની બ્લોક નં. ૧૫૭ વાળી જમીન સસ્તા ભાવે વેચાણથી આપવાનું જણાવી સોદો નક્કી કર્યો હતો.

આ વેચાણ અવેજ પેટે આરોપીઓએ ફરિયાદી પાસેથી કટોકટ રૂપીયા ૧,૨૬,૮૫,૨૬૪ (એક કરોડ છવ્વીસ લાખ પંચાસી હજાર બસો ચોસઠ) મેળવી લીધા હતા. જો કે, આ રકમ ઓળવી ગયા બાદ જમીન માલિકો અને દલાલે ગુનાહિત કારસ્થાન રચીને આ જમીન રૂંગટા ડેવલોપર્સના નામે કરવાને બદલે કોઈ અન્ય ત્રીજી જ વ્યક્તિને વેચાણ સાટાખત કરી આપી વિશ્વાસઘાત કર્યો હતો. રૂંગટા ડેવલોપર્સ તરફથી આ અંગે રજૂઆત કરવામાં આવતા, સંજય ઓમપ્રકાશ ભાઉવાલાએ વેસુ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અગાઉ પોલીસે જમીન માલિકો અને દલાલ સહિત કુલ ૧૬ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જે બાદ આ આર્થિક ગુનાના મૂળ સુધી પહોંચવા તપાસ તેજ કરવામાં આવી હતી.

દરમિયાન ઈકો સેલની ટીમે ટેકનિકલ સોર્સિસ, હ્યુમન રિસોર્સિસ અને ચોક્કસ બાતમીના આધારે આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય દલાલ ઈલ્યાસ અબ્દુલહૈ કાકા (રહે., ઘર નં. ૧૧૭, નાનું ફળિયું, ગામ-સામરોદ, તા. પલસાણા, જિ. સુરત)ને ઝડપી પાડી જેલભેગો કર્યો છે.

અમેઝીયા વોટર પાર્કની બહાર કારનો કાચ તોડી ૧.૪૬ લાખની ચોરી

સુરતઃ અમેઝિયા વોટરપાર્કની બહાર પાર્ક કરેલી કારનો કાચ તોડી રોકડા રૂપિયા ૧.૪૬ની ચોરી થઈ છે. પૂણા પોલીસના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના વતની અને હાલ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. ના સૃષ્ટી એપાર્ટમેન્ટમાં રહેતા રાકેશકુમાર પ્રકાશભાઈ શાહ (ઉ.વ.૩૮) કાર (નં. GJ 09 BD 1258)માં પરિવાર સાથે સાયણ ખાતે રહેતા માતા-પિતાને મળવા તેમજ સુરત ફરવા માટે આવ્યા હતા. બપોરે આશરે દોઢ વાગ્યે આ પરિવાર પરવત પાટિયા સ્થિત અમેઝિયા વોટરપાર્ક ખાતે પહોંચ્યો હતો. તેઓ બહાર આવ્યા ત્યારે કારનો કાચ તૂટેલો હતો અને તેમાંથી સોનાનું મંગળસૂત્ર અને રોકડા ૬,૦૦૦ ચોરાઈ ગયા હતાં.

જાતે નહીં નીકળે ત્યાં સુધી લખોટી બાળકના પેટમાં રહેશે

ડિંડોલીના સાડા ચાર વર્ષના બાળકનો એક્સરે કઢાવતા પેટમાં લખોટી દેખાય છે

ડોક્ટરે કેળા ખાવાની સલાહ આપી, પરિવાર બાળકને ખાનગી હોસ્પિટલમાં સારવારનું કહી લઇ ગયો



સુરતઃ શહેરના નવાગામ ડિંડોલી વિસ્તારમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન એક ઘટના પ્રકાશમાં આવી છે. રમતા રમતા સાડા ચાર વર્ષના બાળકે લખોટી ગળી જતાં સીધી પેટમાં જતી રહી હતી. સદનસીબે બાળકને સમયસર સારવાર મળતાં મોટી દુર્ઘટના ટળી હતી.

મૂળ ઝારખંડના વતની દીપકભાઈ બરવાલ નવાગામ ડિંડોલી વિસ્તારના બિલિયા નગરમાં રહે છે અને ટેક્સટાઈલ માર્કેટમાં મજૂરી કામ કરે છે. તેમનો સાડા ચાર વર્ષનો પુત્ર રોહન સોમવારે બપોરે લખોટીથી રમી રહ્યો હતો. રમતા રમતા તેણે લખોટી મોઢામાં મૂકી દીધી હતી અને તે ગળી ગયો હતો. લખોટી ગળ્યા બાદ રોહન જોરજોરથી રડવા લાગતાં તેની માતા રૂબીબેને બાળકને શુ થયુ તેમ પુછ્યું હતું. બાળકે રડતા રડતા લખોટી ગળી ગયાનું કહેતા તે ગભરાઈ ગઈ હતી. રૂબીબેનએ આ અંગે તરત બાળકના પિતા દીપકભાઈને જાણ કરી હતી. દીપકભાઈ નોકરી પરથી તરત જ ઘરે દોડી આવ્યા હતા. અને 108 એમ્બ્યુલન્સની મદદથી રોહનને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ રોહનના પેટ સહિતના ભાગના એક્સરે સહિતના રિપોર્ટ કરાવતા લખોટી પેટની અંદર હોવાનું માલૂમ પડ્યું હતું. રોહનને પ્રાથમિક સારવાર આપી હતી. સારવાર બાદ રોહનની સ્થિતિ સામાન્ય હોવાનું જણાતાં પરિવારજનો હોસ્પિટલમાંથી રજા લઈને ઘરે ચાલ્યા ગયા હતા.

સચિનમાં પ્લાસ્ટિકની કંપનીમાં કરંટ લાગતા યુવાનનું મોત

મશીનની મોટર બગડી જતાં યુવક જાતે જ રિપેરિંગ કરવા લાગ્યો હતો

સુરત: સચિન હોજીવાલામાં પ્લાસ્ટિકના ગુણ બનાવતી કંપનીમાં વીજ કરંટ લાગતા યુવાનનું મોત નીપજ્યું હતું. મશીનની મોટર બગડી જતાં જિતેન્દ્રકુમાર જાતે જ રિપેરિંગ કરવા લાગ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશ ચિત્રકૂટના વતની જિતેન્દ્રકુમાર બાબુપાલ તિવારી (ઉ.વ.30) સચિન હોજીવાલા રોડ નંબર-11 પર આવેલા અર્પણા પોલીપ્લાસ્ટ પ્રા.લી કંપનીમાં ફિટર તરીકે નોકરી કરતો હતો અને તે કંપનીના લેબર રૂમમાં રહેતો હતો. જિતેન્દ્રકુમારને સંતાનમાં એક પુત્ર છે તેમજ તેની પત્નીને ચારેક માસનો ગર્ભ છે. તેઓ વતન ખાતે રહે છે. રવિવારે જિતેન્દ્રકુમાર નોકરી પર હાજર હતો. દરમિયાન સર્ક્યુલર લુમની (પ્લાસ્ટિકના ગુણ બનાવતી) મશીનમાં કામ કરી રહ્યો હતો. દરમિયાન મશીનની મોટર બગડી ગઇ હતી. જેથી જિતેન્દ્રકુમાર જાતે જ તે મોટરનું રિપેરિંગ કામ કરવા લાગી ગયો હતો. તે સમયે અચાનક તેને વીજ કરંટ લાગ્યો હતો. જેથી તે બેભાન થઇને ઢળી પડ્યો હતો. બનાવની જાણ થતા કંપનીના અન્ય માણસો દોડી આવ્યા હતા અને તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે સચિન પોલીસના પીએસઆઇ કે.આર સિસોદિયાએ સીસીટીવી ફૂટેજ તપાસવાની સાથે વધુ તપાસ હાથ ધરી છે.

SUV કારમાં આગમાં ત્રણ બાળક સહિત પાંચનો બચાવ

ઉધના-મગદલ્લા રોડ પર જોગણી માતા મંદિર નજીકની ઘટના

સુરતઃ શહેરના ઉધના-મગદલ્લા રોડ પર જોગણી માતા મંદિર નજીક સોમવારે સાંજે એક ચાલતી એસયુવી કારમાં અચાનક આગ લાગી હતી. સદનસીબે કારમાં સવાર તમામ મુસાફરોને સમયસર બહાર કાઢી લેવામાં આવતા મોટી જાનહાનિ ટળી હતી. જોકે આગની ઝપેટમાં આવેલી કાર થોડી જ મિનિટોમાં સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી.

મળતી માહિતી અનુસાર, નરેન્દ્ર વર્મા પોતાની એસયુવી કારમાં પરિવાર સાથે પસાર થઈ રહ્યા હતા. કારમાં ત્રણ બાળકો અને બે મહિલા સહિત કુલ પાંચ મુસાફરો સવાર હતા. દરમિયાન કારમાંથી ધુમાડો નીકળતો દેખાતા ચાલકને કોઈ ટેકનિકલ ખામીની શંકા ગઈ હતી. થોડી જ વારમાં કારમાં આગ ભભૂકી ઊઠતા તેમણે તાત્કાલિક સમજદારી દાખવી કારને રસ્તાની એક બાજુએ ઊભી રાખી દીધી અને તમામને સુરક્ષિત રીતે બહાર ઉતારી લીધા હતા.

ઘટનાની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા મજુરા ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર કર્મચારીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. જોકે આગ એટલી વિકરાળ હતી કે કાર સંપૂર્ણપણે બળી ગઈ હતી. ફાયર ઓફિસર કાંતી ભગેરિયાએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ મુજબ કારમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય ટેકનિકલ ખામીને કારણે આગ લાગી હોવાની શક્યતા છે. ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી. આગના કારણે થોડા સમય માટે માર્ગ પર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી, જેને બાદમાં સામાન્ય કરવામાં આવ્યો હતો.

વરાછામાં ગે યુવકને બંધક બનાવી લૂંટનાર બે ઝડપાયા

સુરતઃ 'ગ્રાઈન્ડ નિઅર્બી' ગે ડેટિંગ એપ પર ભેસ્તાનના એક ૨૬ વર્ષીય યુવકને પ્રેમજાળમાં ફસાવી, પૂણાગામની અંડર કન્સ્ટ્રક્શન બિલ્ડિંગમાં લોખંડની પાઇપ બતાવી રૂ.૪૫ હજારની ઓનલાઇન લૂંટ કરનાર બે ને પોલીસે ઝડપી પાડ્યા હતાં. પકડાયેલા આરોપીમાં પૂણાગામની સુંદરવન સોસાયટી (સોમનાથ એપાર્ટમેન્ટ)માં રહેતા ૨૦ વર્ષીય રત્નકલાકાર વિજય ધીરુભાઈ મકવાણા અને તેના એક સગીર સાગરીતનો સમાવેશ થાય છે. ભેસ્તાન આવાસમાં રહેતા ૨૬ વર્ષીય યુવકને ભૌતિક વાળા નામના શખ્સે ડેટિંગ એપ પર વિશ્વાસમાં લઈ વરાછા પોદાર આર્કેડ પાસે બોલાવ્યો હતો. ત્યાંથી તેને પૂણાગામ આઈ.આઈ. એફ.એલ. માર્કેટ પાસે આવેલી એક અવાવરુ ઈમારતના ત્રીજા માળે લઈ જઈ લૂંટી લેવાયો હતો.

ઉનના વિધર્મીએ ત્યક્તાને 4 વર્ષ ભોગવી તરછોડી દીધી

નૂરાની મસ્જિદ પાસે રહેતા સમીર પઠાણે અંગત પળોના વિડીયો ફરતા કરવાની ધમકી આપી

સુરતઃ સરથાણા કામરેજરોડ ઉપર કેટરીંગના ધંધા સાથે સંકળાયેલી ૩૩ વર્ષીય ત્યકતાને તેની જ સાથે કામ કરતા એક વિધર્મી યુવકે લગ્નનીનો વાયદો કરી પ્રેમજાળમાં ફસાવી હતી. ચાર ચાર વર્ષ સુધી શારીરિક શોષણ કરીને વિધર્મીએ તેને તરછોડી દીધી હતી એટલું જ નહીં અંગત પળોના વીડિયો ફરતા કરી દેવાની ધમકી આપી હતી.

ઉન પાટિયા નૂરાની મસ્જિદ સામે રહેતો સમીર પઠાણ કેટર્સમાં કામ કરતો હતો ત્યારે તેનો સંપર્ક સરથાણા વિસ્તારમાં રહેતી અને એક સંતાનની માતા એવી ૩૩ વર્ષીય ત્યકતા સાથે થયો હતો. તેણે તેને પ્રેમજાળમાં ફસાવી હતી. વર્ષ ૨૦૨૨થી તે તેને લગ્ન કરવાનુ વચન આપી શરીર સંબંધ બાંધતો હતો. સમય વીતવા છતાં તે લગ્ન કરતો ન હોવાથી પીડિત મહિલાને શંકા ગઈ હતી. મહિલાએ વારંવાર લગ્ન કરવા માટે દબાણ શરૂ કરતાં જ હવસખોર સમીર પઠાણે અસલી રંગ બતાવવાનું શરૂ કર્યું હતું. તેણે સંબંધો દરમિયાન મહિલાના ઉતારેલા અંગત અને અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી બદનામ કરવાની ધમકી આપી હતી. આ બનાવ અંગેની ફરિયાદ થતાં સરથામા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.